# ૩.૬ ચાર ગતિ અને ૮૪ લાખયોનિઓ.

જ્યાં સુધી જીવ કર્મોથી બંધાયેલો છે. ત્યાં સુધી સંસારનું પરિભ્રમણ અવિરત ચાલુ હોય છે. આ યાત્રાનાં ચાર મુખ્ય ધામ છે – નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ. એક જન્મમાંથી બીજા જન્મમાં જવાની પ્રક્રિયાને **'ગતિ'** કહેવાય છે. આ દૃષ્ટિએ આ ચાર ગતિના નામથી પણ ઓળખાય છે.

### નરક :

નારકીના જીવોને રહેવાને  રત્નપ્રભાદિ સાત સ્થાનો છે. જીવો અસંખ્યાતા છે. નિરુપક્રમ સંપૂર્ણ આયુષ્યવાળા છે. નરક એટલે માત્ર ભય બતાવવા પૂરતી વાત નથી. પણ તે તીવ્ર પાપનાં ફળનું સ્થાન છે. કોઈ એક માણસે રૌદ્રભાવે હજારો  જીવોને (તિર્યંચો/મનુષ્યો) મારી નાખે તો તેની સજા શું? મનુષ્યલોકમાં તો એકને મારે કે હજારોને મારે પણ સજા ફક્ત એક વખતની ફાંસી... એટલે પાપના, પ્રમાણમાં તેના ફળમાં તીવ્ર દુ:ખો જ્યાં પ્રાપ્ત થાય તે નરકનું સ્થાન છે. ત્યાં ત્રણ પ્રકારની વેદના હોય છે: (૧) ક્ષેત્રવેદના–નરકની ઉષ્ણતાનો એક કણ અહીં આવે તો હજારો જોજનના માણસો ગરમીથી મરી જાય – એવી અનેક પ્રકારની ક્ષેત્રવેદનાના અનંત દુ:ખોની પરાકાષ્ટાનું શું વર્ણન કહેવું? (૨) નરકના જીવો દ્વારા પરસ્પર લડાઈ–ઝઘડાથી ઉત્પન્ન થતી વેદના, (૩) પરમાધામી દેવો દ્વારા કરાતી અસહ્ય વેદનાઓ.. પૂર્વના પાપો યાદ કરાવી કરાવી અનેક પ્રકારના છેદન, ભેદન, તાડન, આદિના દુ:ખો આપે... ત્યાં કોઈની શેહશરમ નથી... કોઈનું શરણ મળે નહિ... દુ:ખો ભોગવે જ છૂટકો થાય એમ જીવની સ્થિતિ ત્યાં થાય. દેવકૃત વેદના ત્રીજી નરકભૂમિ સુધી હોય છે. ત્રીજા ભવે તીર્થંકર થનારના જીવો ત્રણ નરક સુધીમાં ઉત્પન્ન થાય છે. નરકમાં ધર્મસન્મુખ થવાનાં (સમકિત પામવાનાં) ત્રણ નિમિત હોય છે:

(૧) પહેલી ત્રણ નરકમાં દેવ જઈને પૂર્વના સ્નેહીને ધર્મ સંભળા.

(૨) કોઈને જાતિસ્મરણ–જ્ઞાન થાય અને પૂર્વે સાંભળેલો વિતરાગનો ધર્મ કે સદ્ગુરુનો ઉપદેશ યાદ આવતાં આત્મસન્મુખ થાય.

(૩) નરકની અસહ્ય પીડાથી પોતાના જ પાપોનું ફળ જાણીને સ્વયં પોતાના સ્વરૂપના ચિંતવનમાં ઊતરી જાય.

આયુષ્ય પૂર્ણ થયે તિર્યંચ અથવા મનુષ્ય ગતિમાં જાય . ફરી નારકી મરીને નરક કે દેવ–ગતિમાં જાય નહિ.

આ ગતિના જીવો 'ધર્મ' જેવો શબ્દ કે 'સુખ'   જેવો શબ્દ સાંભળી પણ શકતા નથી.

## તિર્યંચ

આ ગતિમાં જીવોની કુલ સંખ્યા અનંત હોય છે. સર્વે સ્થાવરકાય, (પૃથ્વી,પાણી,અગ્નિ,વાયુ અને વનસ્પતિ ના જીવો )વિકલેન્દ્રિય ( બે–ત્રણ –અને ચાર ઈન્દ્રિયવાળા જીવો)(જલચર–સ્થલચર–ખેચર) અને તિર્યંચ પંચેન્દ્રિય જીવોનો સમાવેશ આ ગતિમાં કરાય છે... આ ગતિમાં કેટલાક જીવો મહાકાય અને ખૂબ શક્તિશાળી હોય છે. મનુષ્યો પણ તેમનાથી ભય પામે છે. સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોમાં જ્ઞાન છતાં વિવેકના અભાવે અને નિશદિનના વ્યવહારને નહિ સમજતા હોવાથી આ ગતિ અપ્રશસ્ત કહેવાય છે. ભૂખ, તરસ, ઠંડી, તાપ, અતિભાર, તાડન, પીડન પરાધીનતા અને પરવશતા આદિ તેમના રોજીંદા દુ:ખો તો આપણે નજરે નિહાળીએ છીએ. વિજ્ઞાનના નામે, એલોપથિક ઔષધના નિર્માણ, માંસાહાર અને સૌંદર્યના પ્રસાધનો માટે કરોડો ને કરોડો તિર્યંચ પંચેન્દ્રિઓને જાગતી નારકીની વેદના ભોગવવી પડે છે. સરકસ, ઝૂ, રેસ, આપસમાં ઝગડાવવું વગેરે ક્ષેત્રમાં પણ તેમને અમાનુષી પીડા ભોગવવી પડે છે. શિકાર, ધર્મને નામે બલિ અને કૌતુકને ખાતર તેમના પ્રાણો હણાય છે. ચાર ગતિમાં ભમતા જીવો સૌથી વધુ ભવો આ તિર્યંચ ગતિમાં કરે છે.
આ ગતીના જીવોને આહાર સંજ્ઞા અને ભય સંજ્ઞા સહુથી વધારે હોય છે. છતાં કોઈક હાથ ઘોડા, બળદ, વગેરે ભવોમાં "ધર્મ" ના શબ્દો સાંભળી શકે છે.

## મનુષ્ય:

દશ દૃષ્ટાંતે દુર્લભ માનવભવ કહ્યો છે. જીવે મનુષ્ય કરતાં નરકના અવતાર અસંખ્યગણા કર્યા છે. ને નરક કરતાં અસંખ્યાત અવતાર દેવલોકના કર્યા છે. સરેરાશ અસંખ્ય અવતાર દેવ અને નરકના કરે ત્યારે માંડ મનુષ્યનો એક અવતાર મળે. એટલે મોંઘુ મનુષ્યપણું પામીને બીજાં હજાર કામ પડતાં મૂકીને આત્માને ઓળખવો. આ એક એવું સ્થાન છે કે જીવ સમજે તો ભવની કટ્ટી થાય અને જો અજ્ઞાન, મોહ, મિથ્યાત્વમાં રાચે તો અનેક ભાવિના ભવોની પરંપરાનું સર્જન થાય... આ ગતિનાં દુ:ખો આપણે વર્તમાન મનુષ્યપર્યાયમાં ભોગવી જ રહ્યા છીએ. જન્મ, જરા અને મૃત્યુ; આધિ, વ્યાધિ અને ઉપાધિ... આવાં અનેક વિધ દુ:ખો નજરસમક્ષ છે. યુગાદિ દેવાધિદેવ આદીશ્વર પરમાત્માને આશ્ચર્ય થયું કે હે ભવ્યાત્માઓ... હે શાણા માનવો... ચારે ગતિનાં દુ:ખોનું વર્ણન હું તમને જણાવું છું છતાં બોધ કેમ પામતા નથી? શું ચોરાશી લાખ યોનિમાં ફરી ફરી ભટકવું છે? મોક્ષ પ્રાપ્તિ મટે ફક્ત આ એક જ મનુષ્યનો ભવ છે... તે પણ કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલ મનુષ્યો માટે જ છે. મનુષ્યના ત્રણ ભેદ છે : કર્મભૂમિજ, અકર્મભૂમિજ અને સંમૂર્છિમ... કર્મભૂમિ એટલે જ્યાં અસિ, મસિ, કૃષિ આદિ સાધનોથી જીવનનિર્વાહ અને વ્યવહાર ચાલતો હોય... અકર્મભૂમિજ મનુષ્યો યુગલિક કહેવાય છે. જીવનનિર્વાહનાં સાધનો કલ્પવૃક્ષો આપે છે.

સંમૂર્છિમ મનુષ્યો તો નામમાત્રના મનુષ્યો છે. પાંચ ઈન્દ્રિયયુક્ત હોવા છતાં માનસિક સંવેદનાથી રહિત હોય છે. કોઈપણ પ્રકારનો વિકાસ સાધી શકતા નથી. માનવશરીરમાંથી નીકળેલ મળમૂત્ર આદિ ચૌય અશચિ[ સ્થાનકોમાં આ જીવો ઉત્પન્ન થાય છે. ઉત્કૃષ્ટ આયુષ્ય અંત:મુહૂર્તનું જ હોય છે અને પીડાઓનો કોઈ પાર નહિ. કર્મભૂમિના મનુષ્યો મરીને ચારે ગતિમાં ગમન કરે છે. (મોક્ષ ન પામે તો... યુગલિકોની ફક્ત દેવગતિ હોય છે.) આ ભવ મે

## દેવ:

મુખ્ય ચાર પ્રકારના બતલાવ્યા છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક... વૈમાનિકના બે ભેદ છે: કલ્પોત્ન્ન (બાર દેવલોક) અને કલ્પાતીત (નવ ગ્રૈવેહ અને પાંચ અનુતર). કલ્પ એટલે જ્યાં સામાજિક વ્યવસ્થા હોય છે... દશ ભેદો, સ્વામી –સેવકપણું, શક્તિ અને કાર્ય આદિના કારણે પડે છે: (૧) ઈન્દ્ર, (૨) સામાનિક, (૩) ત્રાયગ્રંશ (ત્રાયસ્ત્રિંશ), (૪) પારિષદ, (૫) આત્મરક્ષક, (૬) લોકપાલ, (૭) અનીક, (૮) પ્રકીર્ણક (૯) આભિયોગિક, (૧૦) કિલ્બિષક... કલ્પાતીત દેવો અહમિન્દ્ર હોય છે – ત્યાં નાના–મોટા કે સ્વામી –સેવક જેવો કોઈ ભેદ નથી. ભવનપતિ અને વ્યતંર–દેવો અધોલોકવાસી છે. જ્યોતિષ્ક તિર્છાલોકમાં અને વૈમાનિકદેવો, ઉર્ધ્વલોકમાં રહે છે. નીચે રહેલા દેવો કરતાં ઊંચે રહેતા દેવોમાં ક્રમે ક્રમે તેજ, લેશ્યા, આયુષ્ય, ઈન્દ્રિયજ્ઞાન, અવધિજ્ઞાન, સુખ, પ્રભાવ, શક્તિ, ઉત્પન્ન વધુ ને વધુ હોય છે.જ્યારે કાયાનું માપ ઘટતું જાય છે... આ ગતિમાંથી ચ્યવન થયે તિર્યંચ અથવા મનુષ્ય જ થાય... દેવ મટીને દેવ થાય નહિં અને દેવ મટીને નરક થાય નહિ... પુણ્યના ભોગવટારૂપ ભૌતિક સુખ–સામગ્રી આદિ વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ હોય છે છતાં ત્યાં પણ વાસ્તવિક સાચું સુખ નથી... સ્વામી –સેવક ભાવ, ઉપલા ઉપલા દેવોની રિદ્ધિ જોઈને ઈર્ષ્યા, આપસમાં, ઝગડા, (દેવો–દાનવો) ખૂબ મોટા ભાગના દેવોનું તિર્યંચમાં ઉત્પન્ન થવું. પોતાની દેવીઓનું હરણ થવું યા તો ત્રીજાથી આઠમા દેવલોકના દેવોની આજ્ઞાથી દેવીઓનું આવાગમન, પરિગ્રહની ઝાઝેરી મૂર્છા આદિ અનેક દુ:ખો વિધમાન હોવાથી જ્ઞાનીઓને સ્વર્ગસહિત ચારે ગતિને દુ:ખમય જ કહી છે... માટે રખેને નિયાણું કરી મનુષ્યમાંથી દેવ બનવાનું ન ઈચ્છે. સંજ્ઞાઓ વિષયો, કષાયોથી ગ્રસ્ત આ ચારે ગતિમાં હે વાચક! તું વિચાર કરજે કે ક્યાંય ખરેખર સુખનો છાંટો પણ છે?

| | | |
|---|---|---|
| નરક | ક્રોધ અધિક | ભયસંજ્ઞા અધિક |
| તિર્યંચ | માયા અધિક | આહારસંજ્ઞા અધિક |
| મનુષ્ય | માન અધિક | મૈથુન અધિક |
| દેવ | લોભ અધિક | પરિગ્રહ અધિન |


www.jainuniversity.org

# યોનિ

યોનિ – યોનિ એટલે સંસારી જીવોનું ઉત્પતિસ્થાન. આવાં ઉત્પતિસ્થાનતો અસંખ્ય છે પરંતુ જે ઉત્પતિસ્થાનનાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને  સંસ્થાન એકસરખાં આકાર હોય તે બધાંની **એક જ** યોનિ ગણાય. જે જે સ્થાનોમાં અમુક અમુક સમાનતા છે; તેઓનું એક સ્થાન ગણીને તેનાં ચોરાશી લાખ સ્થાનો નક્કી ગણાવ્યા છે. તેમાં અમુક પ્રકારના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન, આકાર જેનો સમાન હોય, તેવાં ઘણાં ઉત્પતિ–સ્થાનો હોય, તો પણ તે સર્વ એક યોનિ ગણાય છે. એ રીતે કુલ ચોરાશી લાખ જીવોયોનિઓ છે.

યોનિના ભેદ : **(૧) શુભ** અને **(૨) અશુભ**

શુભ યોનિઓ કોને કહેવાય?

(૧) અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યોની ઉત્પતિ.

(૨) સંખ્યાત વર્ષના આયુષ્યવાળા માંડલિક રાજ–રાજેશ્વર અને સઘળા શલાકાપુરુષો (૨૪ તીર્થંકર, ૧૨ ચક્વર્તી, ૯ વાસુદેવ, ૯ બળદેવ, પ્રતિવાસુદેવ = ૬૩)

(૩) કીલ્બીષિ અને પરમાધામી સિવાયની બધી દેવ યોનિયો.

(૪) તિર્યંચ પંચેન્દ્રિયમાં ગાય, અશ્વરત્ન, ગજરત્ન યોનિ.

(૫) એકેન્દ્રિયમાં શુભ વર્ણ–રસ–ગંધવાળી યોનિઓ (દા.ત. સુગંધી પુષ્પ)

(૨)અશુભ યોનિ: બાકીની બધી અશુભ યોનિઓ ગણાય છે.

## યોનિ ૭ પ્રકારે

(૧) સંવૃત, (૨) વિવૃત, (૩) સંવૃતવિવૃત, (૪) સચિત, (૫) અચિત, (૬) સચિતાચિત, (૭) શીત અથવા ઉષ્ણ... (દિગંબર–શાસ્રોમાં શીત, ઉષ્ણ, શીતોષ્ણ – એટલે નવ પ્રકાર વર્ણવ્યા છે.)

**પૃથ્વીકાય** સાત લાખ યોનિયો.

યોનિઓ ઉપરોક્ત સાત પ્રકારે તેમાં પાંચ વર્ણ, પાંચ રસ, પાંચ સંસ્થાન, આડ સ્પર્શ અને બ ગંધ.

૭ X ૨૫ =    ૧૭૫ યોનિ

X ૨ (શુભ અને અશુભ)

૩૫૦

વર્ણ    રસ    સંસ્થાન    સ્પર્શગંધ

૩૫૦ X ૫ = ૧૭૫૦ X ૫ = ૮૭૫૦ X ૫ = ૪૩૭૫૦ X ૮ = ૩,૫૦,૦૦૦ X ૨ = ૭,૦૦,૦૦૦ યોનિના પ્રકાર

તેઉકાયમાં શીત કાઢીને ઉષ્ણ રાખવી.

**લક્ષ ચોરાશી યોનિમાં, મુંગા બાવન લાખ.**
**બત્રીશ કહીએ બોલતા, ચોપ્પનને નહિ નાક;**
**ચોપાને નહિ નાક, ત્રીશ લાખ નાક વખાણું,**
**છપ્પન આંખે હિણ, અઢ્ઢાવીસ દેખતા જાણું;**
**છવ્વીસ કાને સાંભળે, અઢ્ઢાવન કાને હીણ,**
**કવિયણ સુરગંગ ઈમ ભણે, લક્ષ ચોરાશી યોની જાણ.**

સાંભળ્યું તે કર્ણેન્દ્રિય જાણે પણ ચક્ષુ–ઈન્દ્રિય તેને જાણતી નથી અને ચક્ષુ–ઈન્દ્રિયે દીઠેલું તે કર્ણેન્દ્રિય જાણતી નથી. અર્થાત્ દરેક ઈન્દ્રિયોને પોતપોતાના વિષયનું જ્ઞાન છે પણ બીજી ઈન્દ્રિયોના વિષયનું જ્ઞાન નથી. જ્યારે ‘આત્મા’ તે પાંચ ઈન્દ્રિયોના ગ્રહણ કરેલા વિષયને જાણે છે. એકેક ઈન્દ્રિય એકેક વિષયને ગ્રહણ કરેલા વિષયને જાણે છે. એકેક ઈન્દ્રિય એકેક વિષયને ગ્રહણ કરે એમ કહ્યું તે પણ ઉપચારથી કહ્યું છે. દેવ–નારકાદિ ગતિનાં ‘ભાંગા–દારૂણ્ય દુ:ખો’ આદિના સ્વરૂપે પરમાર્થ હેતુથી (આત્મકલ્યાણ માટે) કહ્યાં છે. પણ જીવે મિથ્યાત્વ અને અજ્ઞાનવશ તે હેતુને સૂક્ષ્મ બુદ્ધિથી જાણ્યા નથી. દેહ છે તે જ આત્મા છે અથવા ઈન્દ્રિયો છે તે આત્મા છે અથવા શ્વાસોચ્છવાસ છે તે આત્મા છે એવી એવી મિથ્યા માનતાઓને કારણે જીવ અનાદિકાળથી ચારગતિ, ચોવીશ દન્ડક અને ચોરાશી લાખ યોનિઓમાં જન્મ–મરણના દુ:ખીથી પીડિતછે. – હે જીવ હવે કાંઈક સમજ... અને મનુષ્ય ભવને સફળ કર.

## ૮૪ લાખ જીવયોનીની સમજ:

વર્ણ – ૫, ગંધ –૨, રસ – ૫, સ્પર્શ–૮, સંસ્થાન (આકૃતિ) –૫.

કુલ = ૫ X ૨ = ૧૦, ૧૦ X ૫ = ૫૦, ૫૦ X ૮ = ૪૦૦, ૪૦૦ X ૫ = ૨૦૦૦ આ રીતે.

| | | | |
|---|---|---|---|
| (૧) પૃથ્વીકાયના મૂળભેદ | – | ૩૫૦ X ૨૦૦૦ = | ૭,૦૦,૦૦૦ |
| (૨) અપ્કાયના મૂળભેદ | – | ૩૫૦ X ૨૦૦૦ = | ૭,૦૦,૦૦૦ |
| (3) તેઉકાયના મૂળભેદ | – | ૩૫૦ X ૨૦૦૦ = | ૭,૦૦,૦૦૦ |
| (૪) વાઉકાયના મૂળભેદ | – | ૩૫૦ X ૨૦૦૦ = | ૭,૦૦,૦૦૦ |
| (૫) પ્રત્યેક વનસ્પતિકાયના મૂળભેદ | – | ૫૦૦ X ૨૦૦૦ = | ૧૦,૦૦,૦૦૦ |
| (૬) સાધારણ વનસ્પતિકાયના મૂળભેદ | – | ૭૦૦ X ૨૦૦૦ = | ૧૪,૦૦,૦૦૦ |
| (૭) બેઈન્દ્રિયના મૂળભેદ | – | ૧૦૦ X ૨૦૦૦ = | ૨,૦૦,૦૦૦ |
| (૮) તેઈન્દ્રિયના મૂળભેદ | – | ૧૦૦ X ૨૦૦૦ = | ૨,૦૦,૦૦૦ |
| (૯) ચઉરીન્દ્રિયના મૂળભેદ | – | ૧૦૦ X ૨૦૦૦ = | ૨,૦૦,૦૦૦ |
| (૧૦) દેવતાના મૂળભેદ | – | ૨૦૦ X ૨૦૦૦ = | ૪,૦૦,૦૦૦ |
| (૧૧) નારકીના મૂળભેદ | – | ૨૦૦ X ૨૦૦૦ = | ૪,૦૦,૦૦૦ |
| (૧૨) તીર્યંચના પંચેન્દ્રિય મૂળભેદ | – | ૨૦૦ X ૨૦૦૦ = | ૪,૦૦,૦૦૦ |
| (૧૩) મનુષ્યના મૂળભેદ | – | ૭૦૦ X ૨૦૦૦ = | ૧૪,૦૦,૦૦૦ |
| | | કુલ | ૮૪,૦૦,૦૦૦ |

jainuniversity.org